**જનસંપર્ક અધિકારી,**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૦૫/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૬૭૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૩૪૯ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૨,૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૬૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૬૭૫/૨૦૨૫**

**સરખેજઃ** મોહમદઅશફાક તાહિરહુસેન સિદ્દીકી (રહે.રોઝ રેસીડેન્સી, મો.મીન્હાઝ પાર્ક સામે, આર.સી.સી.રોડ કેનાલ પાછળ, ફતેવાડી સરખેજ) એ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૫ થી તા.૦૧/૦૫/૨૦૨૫ દરમ્યાન સરખેજ રોયલ હોટેલની બાજુમાં જાંબુવાળા કોમ્પલેક્ષ, "જે.કે. એન્ડ સન્સ ઓટો પ્રોડક્ટ" નામની ઓફીસ ખાતે આરોપી (૧) જે.કે.એન્ડ સન્સ ઓટો પ્રોડક્ટના માલીક કદીરુદ્દીન ફરીદુદ્દીન સૈયદ (રહે.અલસખા પાર્ક સોસાયટી, કેનાલ પાછળ ફતેવાડી અને (૨) અયાઝ શેખ (જે.કે.એન્ડ સન્સના લોન એક્જીક્યુટીવ) એ ભેગામળી ટુ વ્હીલર ખરીદીના ડાઉન પેમેન્ટ પેટે તેમજ ટુ વ્હીલરની લોન ગ્રાહકના નામે મંજુર કરાવડાવી પોતાના ખાતામાં રૂપિયા મેળવી લઇ, મોહમદઅશફાક સિદ્દીકી પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/– તેમજ અન્ય સાહેદો પાસેથી રૂપિયા ૧૫,૬૩,૦૮૬/– મળી કુલ રૂપિયા ૧૬,૧૩,૦૮૬/– મેળવી લઇ, ટુ વ્હીલર નહી આપી તેમજ આજદિન સુધી રૂપિયા પરત નહી ચુકવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૭૬/૨૦૨૫**

**નારણપુરાઃ** પરેશભાઇ ધનજીભાઇ પરમાર (ઉ.વ.૫૪)(રહે.શ્રીધર સોસાયટી, કમલ કેલેંડર ફેક્ટરી પાછળ, દાણીલીમડા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા સંઘવી હાઇસ્કુલની બાજુમા ભરત મિલાપ સોસાયટી વિભાગ–૧ મકાન નંબર–૫ ખાતે આવેલ મકાનના બાથરૂમની બારીના કાચ ઉતારી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનની કુલ–૬ તિજોરીઓના તાળા તોડી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭,૦૯,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૫૯,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**આનંદનગરઃ** અનીશભાઇ રાજકીશોરભાઇ તિવારી (ઉ.વ.૫૮)(રહે. પ્રેરણાતીર્થ બંગલોઝ, વિભાગ–૧, પ્રેરણાતીર્થ દેરાસર ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૫ સવારના ૩/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પહેલા માળે ગેલેરીના લાકડાના દરવાજાના હેન્ડલ અને સ્ટોપર તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટ અને તીજોરી ખોલી રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/– તથા અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૬૭૭/૨૦૨૫**

**શાહપુરઃ** જતીનકુમાર રમેશચંદ્ર ચાવડા (ઉ.વ.૩૨)(રહે, માધવ હોમસ, એકલવ્ય સ્કુલ પાસે, વસ્ત્રાલ) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૪/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન શાહપુર શંકરભુવન મેટ્રો બ્રિજની નીચે, રામાપીરના મંદિર પાસે આવેલ “બાયોગ્રીન ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડ” ખાતેના ગંદા પાણીને શુધ્ધીકરણ કરવાના પ્લાન્ટમાંથી મશીનના લગાવેલ સેન્સર નંગ–૨ કિંમત રૂપિયા ૯,૦૦,૦૦૦/– કોઈ અજાણી વ્યક્તિ ધારદાર વસ્તુ વડે વાયર કાપી, સેન્સરની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.પટણી ચલાવે છે.

**શહેરકોટડાઃ** સાબેરાબીબી વિ/ઑફ મોહમંદ કુરેશી (ઉ.વ.૬૫)(રહે,ત્રણ માળીયા, સકિલ ચોક, ચાર નંબર બ્લોક, બાપુનગર સ્ટેડીયમ સામે) એ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ બાપુનગર થી મેમ્કો સી.એન.જી. પેટ્રોલ પંપ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ વ્યંઢળએ ભેગામળી સાબેરાબીબી કુરેશીની નજર ચુકવી તેમના કાનમાંથી સોનાની ઝુમકાવાળી કડીઓ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી, સાબેરાબીબી કુરેશીને “તમે અહી ઉભા રહો હુ સામે રીક્ષામાં ગેસ પુરાવીને આવુ છુ” તેમ કહી રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૭૮/૨૦૨૫**

**વાડજઃ** રવિભાઈ દેવકિશન સોની (ઉ.વ.૩૫)(રહે.મંગલાગૌરી રેસીડેન્સી, પંચાલ વાડી સામે, નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા નીચે પડી જતા માથાના પાછળના ભાગે ઈજા થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૧૨/૫૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ રવિભાઈ સોની ને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિહ ખુમાનસિહ ચલાવે છે.

**ઓઢવઃ** ઘેલાભાઇ ભીખાભાઇ ભૂત (ઉ.વ.૫૫)(રહે.સહજાનંદ એવન્યુ પંચમ મોલ પાછળ, જીવનવાડી પાસે, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા ઓઢવ જય કેમીકલ કંપની પાસે “રઘુવિર એસ્ટેટ” શેડ નંબર–૩૨ ખાતે આવેલ પોતાના એમ્બ્રોડરીના કારખાનામાં પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને કે.ડી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હેકો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** પિયુષભાઇ લાલજીભાઇ રાઠોડ (ઉ.વ.૩૫)(રહે.આશિર્વાદ સોસાયટી, ગોવિંદવાડી, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૩૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી